સોસાયટીઓ અને માર્ગો પર ગંદકીના સામ્રાજ્યથી ડેન્ગ્યુ-મેલેરિયાનો ખતરો વધ્યો

વરસાદ બાદ શહેર રોગચાળાના મુખમાં

કાદવ-કિચડ વચ્ચે મચ્છરોનો ત્રાસ, કોર્પોરેશન ઘોર નિદ્રામાં!

દવા છંટકાવ અને ફોગિંગ નહીં કરાતા નાગરિકો ત્રાહિમામ

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

સંસ્કારીનગરી વડોદરામાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ હવે મચ્છરજન્ય રોગચાળાનું ગંભીર સંકટ ઊભું થયું છે. વરસાદી પાણીના યોગ્ય નિકાલના અભાવે શહેરના વિવિધ વિસ્તારો, સોસાયટીઓ અને જાહેર માર્ગો પર વ્યાપક પ્રમાણમાં કાદવ-કિચડ અને ગંદકીનું સામ્રાજ્ય સ્થપાયું છે. જેના પરિણામે સમગ્ર શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ ચિંતાજનક રીતે વધી ગયો છે. આશ્ચર્યની વાત એ છે કે, રોગચાળો વકરે તેવી પૂરી શક્યતાઓ વચ્ચે પણ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનનું આરોગ્ય તંત્ર કુંભકર્ણ નિદ્રામાં પોઢેલું હોય તેમ નિષ્ક્રિય જોવા મળી રહ્યું છે, જેના કારણે શહેરીજનોમાં વ્યાપક અસંતોષ અને રોષની લાગણી ફેલાઈ છે.

વડોદરા શહેરના મોટાભાગના નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય રહેણાંક સોસાયટીઓમાં વરસાદી પાણી લાંબા સમય સુધી ભરાઈ રહેવાને કારણે ખાબોચિયાં અને કાદવ-કિચડની સ્થિતિ નિર્માણ પામી છે. આ દૂષિત પાણી અને ગંદકી મચ્છરોના પ્રજનન માટે ઉત્તમ સ્થાન બની ગયા છે. પરિણામે સાંજના સમયે જ નહીં, પરંતુ દિવસ દરમિયાન પણ સોસાયટીઓમાં અને જાહેર માર્ગો પર મચ્છરોનો અસહ્ય ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, મચ્છરોના ત્રાસને કારણે નાના બાળકો અને વૃદ્ધોનું ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે, જ્યારે ઘરોની અંદર પણ મચ્છરોથી બચવું અશક્ય બની રહ્યું છે. સ્થાનિક રહીશોનો આરોપ છે કે દર વર્ષે ચોમાસા દરમિયાન આવી જ પરિસ્થિતિ સર્જાય છે, તેમ છતાં પાલિકા તંત્ર દ્વારા પૂર્વ તૈયારી રૂપે કે આગોતરા પગલાં તરીકે કોઈ નક્કર આયોજન કરવામાં આવતું નથી. ચોમાસામાં વરસાદ રોકાયા બાદ તાત્કાલિક ધોરણે એન્ટી-લાર્વા કામગીરી, જંતુનાશક દવાનો છંટકાવ, પાવડર છંટકાવ અને ફોગિંગ જેવી આવશ્યક કામગીરી હાથ ધરવાની હોય છે. પરંતુ વડોદરાના મોટાભાગના વિસ્તારોમાં પાલિકાની એક પણ ટીમ દવાના છંટકાવ માટે ડોકાઈ પણ નથી. તંત્રની આ ઘોર બેદરકારીને કારણે શહેરમાં ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા અને ટાઈફોઈડ જેવા ભયાનક રોગચાળા ઝડપથી ફેલાય તેવી ભીતિ સેઠવાઈ રહી છે.

BISમાં MSUના બે ફેકલ્ટીને મહત્વનું સ્થાન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU)ના બે ફેકલ્ટી સભ્યોને બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) માં મહત્વની જવાબદારી મળતાં યુનિવર્સિટી માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગના સિવિલ એન્જિનિયરિંગ વિભાગના સહયોગી પ્રોફેસર ડો. સંસ્કૃતિ મુજુમદારની BISની **FAD-30 વોટર પ્યુરીફિકેશન સિસ્ટમ કમિટી**ના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. જળ અને આબોહવા પરિવર્તન ક્ષેત્રે તેમના સંશોધનને માન્યતા મળતાં આ જવાબદારી સોંપાઈ છે. ઉપરાંત, MSUને પણ આ સમિતિમાં સંસ્થાકીય સભ્યપદ મળ્યું છે. સમિતિના સભ્ય પ્રો. વિનય ભંડારી હવે યુનિવર્સિટીનું સત્તાવાર પ્રતિનિધિત્વ કરશે. FAD-30 સમિતિ દેશના જળ શુદ્ધિકરણ ધોરણો ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

ગુજરાત સ્ટેટ એક્વાટિક ચેમ્પિયનશિપમાં વડોદરાના સ્વિમર્સનો ડંકો

૨૮ ગોલ્ડ, ૩૬ સિલ્વર અને ૪૬ બ્રોન્ઝ મળી કુલ ૧૧૦ મેડલ જીતીને સ્પર્ધાત્મક સ્વિમિંગમાં વર્ચસ્વ દર્શાવ્યું

સમા ઇન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના ખેલાડીઓએ ફરી સાબિત કરી પોતાની પ્રતિભા

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

અમદાવાદ ખાતે યોજાયેલી ગુજરાત સ્ટેટ જુનિયર અને સબ-જુનિયર એક્વાટિક ચેમ્પિયનશિપ ૨૦૨૬માં વડોદરાના સ્વિમર્સે શાનદાર પ્રદર્શન કરતા ૨૬-૨૮ જૂન અને ૪-૫ જુલાઈ દરમિયાન બે તબક્કામાં યોજાયેલી સ્પર્ધામાં કુલ ૧૧૦ મેડલ જીત્યા હતા. ખેલાડીઓએ ૨૮ ગોલ્ડ, ૩૬ સિલ્વર અને ૪૬ બ્રોન્ઝ મેડલ મેળવીને રાજ્યની શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી ટીમ તરીકે ઉભરી આવ્યા હતા.

આ શાનદાર પ્રદર્શને સ્વિમિંગ ક્ષેત્રે તેમના પ્રભુત્વને દર્શાવ્યું છે. મેડલ વિજેતાઓમાં મુખ્યત્વે માધવ દૌડિયાએ ૬ ગોલ્ડ અને ૧ સિલ્વર, અવનિ સિંહે ૩ ગોલ્ડ અને ૨ સિલ્વર, તથા જૈવલ જાનીએ ૩ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. અન્ય ગોલ્ડ મેડલ વિજેતાઓમાં ભવ્ય મહેતાએ ૨ ગોલ્ડ અને ૪ સિલ્વર, જયદીપ કથિરીયાએ ૨ ગોલ્ડ અને ૩ સિલ્વર, સ્મૃતિ સિંહે ૨ ગોલ્ડ અને ૩ સિલ્વર, હર્ષ માહેશ્વરીએ ૨ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૩ બ્રોન્ઝ, હર્ષિલ વાઘે ૨ ગોલ્ડ અને ૩ બ્રોન્ઝ, આરુષ લાંજેવારે ૨ ગોલ્ડ અને ૧ બ્રોન્ઝ, શુભમ મેરે ૨ ગોલ્ડ, હિમાની ચૌહાણે ૧ ગોલ્ડ અને ૪ સિલ્વર તથા ગુરપ્રીત સિંહ સિંધુએ ૧ ગોલ્ડ અને ૧ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ સિવાય અન્ય ઘણા સ્વિમર્સે વિવિધ વયજૂથમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

આ ખેલાડીઓ કોચ વિવેક સિંહ બોરલિયા અને કૃષ્ણા પંડ્યાના માર્ગદર્શન હેઠળ તેમજ ટ્રેનર્સ સુબોધ કુમાર અને બિપિન કુમારના સહયોગથી તાલીમ મેળવે છે. તેમનું આ શાનદાર પ્રદર્શન મહિનાઓની શિસ્તબદ્ધ તાલીમ દર્શાવે છે અને સમા ઇન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની ગુજરાતના અગ્રણી સ્વિમિંગ સેન્ટર તરીકેની પ્રતિષ્ઠાને મજબૂત કરે છે.

પ્રથમ જ સિઝનમાં ખિતાબ જીતી મહિલા ટીમે નોંધાવી શાનદાર સિદ્ધિ

ચાર્જઝોનની મહિલા ક્રિકેટ ટીમે વડોદરા વુમન્સ કોર્પોરેટ લીગ ૨૦૨૬નું ટાઈટલ જીત્યું

રમતગમત, ટીમવર્ક અને વર્ક-લાઇફ બેલેન્સને પ્રોત્સાહન આપતી સંસ્થાની સંસ્કૃતિને મળ્યું સફળતાનું ફળ

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

ભારતના EV ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની અગ્રણી કંપની ચાર્જઝોનને એ જાહેર કરતાં ગર્વ થાય છે કે તેની મહિલા ક્રિકેટ ટીમે વડોદરા વુમન્સ કોર્પોરેટ લીગ 2026નું પ્રતિષ્ઠિત ટાઇટલ જીત્યું છે, જે ટૂર્નામેન્ટમાં ટીમની નોંધપાત્ર સિદ્ધિ છે. સ્પર્ધકોની ટીમ ઉતારીને, ચાર્જઝોનની મહિલા કર્મચારીઓએ સમગ્ર લીગ દરમિયાન અપ્રતિમ ઊર્જા, શિસ્ત અને ખેલદિલી સાથે મેદાનમાં પોતાનું યોગદાન આપ્યું.

પોતાની વ્યાવસાયિક જવાબદારીઓને કડક મેચ શેડ્યૂલ સાથે સંતુલિત કરીને, ટીમે સાબિત કર્યું કે મેદાનમાં અને મેદાનની બહાર બંને જગ્યાએ શ્રેષ્ઠ પ્રદર્શન એકાગ્રતા, ટીમવર્ક અને સ્વસ્થતાના મજબૂત પાયામાંથી જ ઉદ્ભવે છે.

આ સિદ્ધિ પર પ્રકાશ પાડતાં ચાર્જઝોનના ડિરેક્ટર કિન્નરી હરિયાણીએ જણાવ્યું કે, ₹આ જીત અમારા માટે ખૂબ જ ખાસ છે. આ ફક્ત સ્પર્ધા કરવા વિશે ન હોતું. તે અમારી મહિલાઓ આગળ આવીને, પોતાની લય શોધીને, દરેક મેચ સાથે વધુ મજબૂત બનીને પાછી ફરવા વિશે હતું. ચાર્જઝોનમાં અમે જે ભાવના કેળવવાનો પ્રયાસ કરીએ છીએ તેને પ્રતિબિંબિત કરે છેઃ કે વ્યાવસાયિક ઉત્કૃષ્ટતા અને વ્યક્તિગત સ્વસ્થતા સાથે-સાથે ચાલી શકે છે, અને ચાલવી જ જોઈએ. અમને આ ટીમ પર ખૂબ જ ગર્વ છે.

વડોદરા વુમન્સ કોર્પોરેટ લીગ 2026માં આ ક્ષેત્રની અનેક કોર્પોરેટ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં ચાર્જઝોન પોતાની પ્રથમ સિઝનમાં જ ચેમ્પિયન બનીને ઊભરી આવ્યું. આ જીત સંસ્થાની સર્વગ્રાહી વિકાસ, સહકાર્યની ભાવના અને કર્મચારીઓ વચ્ચે વર્ક-લાઇફ બેલેન્સને પ્રોત્સાહન આપતી સંસ્કૃતિનો પુરાવો છે.

પર્યાવરણ સંરક્ષણ માટે અનોખી પહેલ, બાળકો પણ જોડાયા

વડોદરાના ૫૦ સાયકલચાલકોએ ડાકોર નજીક ૫૦ વૃક્ષો વાવી આપ્યો હરિયાળીનો સંદેશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડોદરાના પચાસ સાયકલ ચાલકો ડાકોર નજીકના એક એડવેન્ચર પાર્કમાં એક અનોખી પહેલ હેઠળ ૫૦ વૃક્ષો વાવવા માટે એકઠા થયા હતા. સાયકલ ચાલકોએ ડાકોર નજીક નેશ ખાતે આવેલા 'વૃષ્ટિ એગ્રો એન્ડ એડવેન્ચર પાર્ક'માં છોડ વાવ્યા હતા, જેનો હેતુ પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવાનો અને વૃક્ષારોપણ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિકોણને સમર્થન આપવાનો હતો.

આ ઝુંબેશનો ઉદ્દેશ્ય વનીકરણ વિશે જાગૃતિ ફેલાવવાનો અને સામૂહિક કાર્યો દ્વારા પ્રકૃતિનું રક્ષણ કરવાના સંદેશને મજબૂત કરવાનો હતો. બાળકોએ પણ આ અભિયાનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેણે સમુદાયને પર્યાવરણની જાળવણી માટે જવાબદારી લેવા પ્રેરણા આપી હતી. આ વૃક્ષારોપણ કાર્યક્રમ ગોપાલભાઈ પઢિયાર, ધનંજયભાઈ, સુનીલ પટેલ અને રશ્મિ એરંડેના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો, જેમણે ભૂતકાળમાં પણ આવા ઘણા પર્યાવરણીય પહેલોનું સફળતાપૂર્વક નેતૃત્વ કર્યું છે. સાયકલ ચાલકોએ વધુ વૃક્ષો વાવવાનું અને પર્યાવરણ સુરક્ષામાં યોગદાન આપવાનું વચન આપ્યું હતું. આયોજકોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે માત્ર વૃક્ષો વાવવા એ પ્રથમ પગલું છે, અને તેમની નિયમિત સંભાળ તેમજ જાળવણી પણ તેટલી જ મહત્વપૂર્ણ છે.

SOU ખાતે 600 પ્રવાસીઓની ક્ષમતાવાળી નવી ક્રૂઝ શરૂ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

એકતા નગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવતા પ્રવાસીઓ માટે વધુ એક આકર્ષણ ઉમેરાયું છે. નર્મદા નદીમાં 600 પ્રવાસીઓની ક્ષમતા ધરાવતી આધુનિક ક્રૂઝનું સફળ લોન્ચિંગ કરવામાં આવ્યું છે. તમામ સુરક્ષા ધોરણો અને જરૂરી મંજૂરી બાદ આ ક્રૂઝ પ્રવાસીઓ માટે શરૂ કરવામાં આવશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે હાલ 200 પ્રવાસીઓની ક્ષમતાવાળી ક્રૂઝ સફળતાપૂર્વક ચાલી રહી છે. પ્રવાસીઓના વધતા પ્રતિસાદ અને માંગને ધ્યાનમાં રાખીને વધુ મોટી અને આધુનિક ક્રૂઝ શરૂ કરવામાં આવી છે.

નવી ક્રૂઝમાં નદી સફર ઉપરાંત જન્મદિવસ, કોર્પોરેટ ઈવેન્ટ, સંગીત સંધ્યા, સાંસ્કૃતિક કાર્યક્રમો અને ખાનગી સમારંભો યોજી શકાશે. ખાસ ડેકોરેટિવ લાઈટિંગથી સજ્જ આ ક્રૂઝ સાંજના સમયે આકર્ષક નજારો ઉભો કરશે. આ નવી સુવિધાથી એકતા નગરના પર્યટનને વધુ વેગ મળશે અને પ્રવાસીઓને યાદગાર અનુભવ મળશે.

વાઘોડિયા રોડ પર રખડતા શ્વાનનો આતંક યથાવત, મહિલાને બચકું ભર્યું

ગુરુકુળ ચાર રસ્તા પાસે 53 વર્ષીય મહિલાને ઇજા, 108 મારફતે સયાજી હોસ્પિટલ ખસેડાયા

સ્થાનિકોમાં રોષ, રખડતા શ્વાનોના ત્રાસ સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

વડોદરા શહેરમાં રખડતા શ્વાનોનો ત્રાસ યથાવત રહેતા વધુ એક હુમલાની ઘટના વાઘોડિયા રોડ વિસ્તારમાં સામે આવી છે. ગુરુકુળ ચાર રસ્તા પાસે પસાર થઈ રહેલી 53 વર્ષીય મહિલાને અચાનક એક રખડતા શ્વાને જમણા પગમાં બચકું ભરતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, મધુબેન વાલાભાઈ વાઘરી ગુરુકુળ ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક આક્રમક શ્વાન તેમના પર તૂટી પડ્યો હતો. શ્વાને જમણા પગમાં બચકું ભરતા તેઓ ગંભીર રીતે ગભરાઈ ગયા હતા અને મદદ માટે બૂમો પાડી હતી. સ્થાનિક લોકો તાત્કાલિક દોડી આવ્યા અને ઈમરજન્સી સેવા 108ને જાણ કરી હતી.

માહિતી મળતાં જ 108 એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પ્રાથમિક સારવાર આપ્યા બાદ મહિલાને વધુ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ તેમને રેબીઝ વિરોધી રસી સહિત જરૂરી સારવાર આપવામાં આવી રહી છે. હાલ તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટનાએ ફરી એકવાર શહેરમાં રખડતા શ્વાનોની સમસ્યાને ઉજાગર કરી છે. વાઘોડિયા રોડ વિસ્તારના રહિશોમાં આ બનાવને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ મ્યુનિસિપલ કોર્પોરેશનને રખડતા શ્વાનોને પકડવા, તેમની સંખ્યા નિયંત્રિત કરવા અને સંવેદનશીલ વિસ્તારોમાં નિયમિત કાર્યવાહી હાથ ધરવાની માંગ કરી છે. નાગરિકોનું કહેવું છે કે જો સમયસર અસરકારક પગલાં લેવામાં નહીં આવે તો આવી ઘટનાઓમાં વધારો થઈ શકે છે અને લોકોની સુરક્ષા જોખમમાં મુકાઈ શકે છે.

૧૦ કરોડ વ્યસનમુક્તિ સંકલ્પના લક્ષ્ય સાથે મહાઅભિયાનનું ભવ્ય લોન્ચિંગ

બ્રહ્માકુમારીઝ અટલાદરા દ્વારા ૧૦ કરોડ નશા મુક્તિ પ્રતિજ્ઞા મહાઅભિયાનનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

બ્રહ્માકુમારીઝ અટલાદરા અને સંસ્થાની મેડિકલ વિંગ દ્વારા ભારત સરકારના "નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત" અને "મિશન સ્પંદન" અભિયાન અંતર્ગત 10 કરોડ વ્યસનમુક્તિ સંકલ્પ ની સાથે આ મહાઅભિયાનનું ભવ્ય લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારીઝની પૂર્વ મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી પ્રકાશમણિજીની 19મી પુણ્યતિથિના અવસરે યોજાયેલા આ અભિયાનનો પ્રારંભ 2 ઑગસ્ટ બ્રહ્માકુમારીઝના માઉન્ટ આબુ મુખ્યાલયથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના સંબોધન સાથે કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં વડોદરા મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી આદિત્ય પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી અરુણ મહેશ બાબુ, કેર ગ્રુપના સ્થાપક શ્રી જાગૃતભાઈ દવે, ડૉ. પારુલબેન, ફેકલ્ટી ઓફ કોમર્સના ડીન પ્રજ્ઞેશભાઈ શાહ, ચાઈલ્ડ ડેવલોપમેન્ટ કમિટી ના ચેરમેન શ્રી મેહુલભાઈ લાખાણી, ડૉ. સામંત દાયમા, SOG ના PSI શ્રી સિસોદિયા સહિતના મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. અતિથિઓનું તિલક ગુલદસ્તા તેમજ ઈશ્વરીય પ્રસાદ દ્વારા સ્વાગત તેમજ દીપ પ્રજ્વલન બાદ સેવાકેન્દ્રના સંચાલિકા ડૉ. અરુણાદીદી એ જણાવ્યું હતું કે દેશની યુવા શક્તિને વ્યસનમુક્ત, સંસ્કારી અને આત્મનિર્ભર બનાવવી સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

તિજોરી તોડી રોકડ અને સોનાના દાગીના ચોરી તસ્કરો ફરાર

ગોત્રીના બંધ મકાનમાં તિજોરી તોડી રૂ.૬.૫૦ લાખની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડોદરાના ગોત્રી હરિનગર વિસ્તારમાં કેન્સરની સારવાર માટે પરિવાર સાથે રાજસ્થાન ગયેલા નિવૃત્ત વ્યક્તિના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી તિજોરી તોડી રૂ.6.50 લાખની માલમત્તા પર હાથ ફેરવ્યો હતો. પાડોશીએ તૂટેલું તાળું અને વેરવિખેર ઘર જોઈ ફોન કરતાં સમગ્ર ઘટનાનો ખુલાસો થયો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવાના આધારે તપાસ શરૂ કરી છે.

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારના હરિનગર પાણીની ટાંકી પાસે, ઈસ્કોન મંદિર સામે આવેલા વી.બી.નગરમાં રહેતા 57 વર્ષીય નિવૃત્ત રામનરેશ બાબુલાલ યાદવ પત્ની સાથે રહે છે. બંને લાંબા સમયથી કેન્સરની સારવાર લઈ રહ્યા હોવાથી 30 જુલાઈના રોજ પરિવાર સાથે રાજસ્થાનના દેવમાળી ગામ સારવાર માટે ગયા હતા. ઘર બંધ હોવાથી તસ્કરોએ તકનો લાભ ઉઠાવી મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. 1 ઓગસ્ટની સાંજે પાડોશી દીપાબેને ઘરના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું અને ઘરનો સામાન વેરવિખેર હાલતમાં જોઈ રામનરેશ યાદવને ફોન કરીને જાણ કરી હતી. પરિવાર રાજસ્થાનમાં હોવાથી તેમણે પાડોશીને સુરક્ષાના ભાગરૂપે બીજું તાળું મારી દેવા જણાવ્યું હતું. 2 ઓગસ્ટે પરિવાર ઘરે પરત ફર્યો ત્યારે બેડરૂમની તિજોરી તૂટેલી જોવા મળી હતી. તપાસ કરતાં આશરે 15 ગ્રામનો સોનાનો હાર, ચાર સોનાની વીંટીઓ, પાંચ ગ્રામનો સોનાનો માંગટીકો અને રૂ.5.30 લાખની રોકડ મળી કુલ રૂ.6.50 લાખની માલમત્તા ગાયબ હોવાનું સામે આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે અજાણ્યા તસ્કરોએ મુખ્ય દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો.

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

વડોદરા મહાનગરપાલિકા હસ્તકની ખુલ્લી જગ્યા/ફુટપાથ/બ્રીજ નીચેની જગ્યામાં પે એન્ડ પાર્કનો ઇજારો જાહેર હરાજીથી આપવા બાબત.

વડોદરા મહાનગરપાલિકા હસ્તકની નીચે જણાવ્યા મુજબની ખુલ્લી જગ્યા/ફુટપાથ/બ્રીજ નીચેની જગ્યામાં પે એન્ડ પાર્કનો ઇજારો માસિક લાયસન્સ ફી થી ૧(એક) વર્ષની મુદ્દત માટે જાહેર હરાજીથી આપવાનો હોઇ રસ ધરાવતી વ્યકિતઓ/સંસ્થાઓ પાસેથી નિયત અરજીપત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

અ. નં.	ઓપન પ્લોટ /ફુટપાથ /બ્રીજ નીચેની જગ્યા	સ્થળ	જગ્યાનું ક્ષેત્રફળ (ચો.મી.)	ડિપોઝીટની રકમ (રૂ.)	મીની. અપસેટ વેલ્યુ (પ્રતિ માસ)
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)
૧	ટી.પી.૧(સમા), એફ.પી. નં.૫૦	સમા-સાવલી રોડ	૧૫૪૧	૧,૬૨,૦૦૦/-	૮૧,૦૦૦/-
૨	રેવન્યુ સર્વે નં.૨૧૬/બી	ગુરુદ્વારા પાસે, તરસાલી	૫૧૫	૭૧,૦૦૦/-	૩૫,૫૦૦/-
૩	બ્રીજ નીચેની જગ્યા	છાણી ઓવરફ્લાય બ્રીજ નીચે	૬૫૦	૧,૨૦,૦૦૦/-	૬૦,૦૦૦/-
૪	ટી.પી.૨ (સુભાનપુરા), એફ.પી.૩૧૦	નટુભાઇ સર્કલ, હરીનગર બ્રિજ પાસે,	૯૫૨	૬૬,૦૦૦/-	૩૩,૦૦૦/-
૫	સી.સ. નં.૧૬૪૬	વડીવાડી પાણીની ટાંકી પાસે	૨૦૦૦	૧,૩૨,૦૦૦/-	૬૬,૦૦૦/-
૬	ટી.પી.૧(સમા) એફ.પી.નં.૭૪	સમા તળાવ પાસે, મહારાણા પ્રતાપ રોડ	૨૯૫૪	૧,૭૮,૦૦૦/-	૮૯,૦૦૦/-
૭	બ્રીજ નીચેની જગ્યા-એ	પીલર નં. ૧૨ થી ૧૯ (મનિષા ચોકડી)	૧૩૩૫.૬	૫,૧૮,૦૦૦/-	૨,૫૯,૦૦૦/-
૮	બ્રીજ નીચેની જગ્યા-બી	પીલર નં. ૩૨ થી ૩૭ (હનુમાનજી મંદિર પાસે)	૪૫૬.૭૫	૧,૪૯,૦૦૦/-	૭૪,૫૦૦/-
૯	બ્રીજ નીચેની જગ્યા-સી	પીલર નં. ૪૯ થી ૫૨ (મલ્હાર)	૨૭૪.૦૫	૧,૬૬,૦૦૦/-	૮૩,૦૦૦/-
૧૦	બ્રીજ નીચેની જગ્યા-ડી	પીલર નં. ૬૦ થી ૬૫ (ચકલી સર્કલ)	૪૫૬.૭૫	૨,૦૧,૦૦૦/-	૧,૦૦,૫૦૦/-
૧૧	બ્રીજ નીચેની જગ્યા-ઈ	પીલર નં. ૮૭ થી ૯૩ (આંબેડકર સર્કલ)	૫૪૮.૧૦	૨,૨૪,૦૦૦/-	૧,૧૨,૦૦૦/-
૧૨	બ્રીજ નીચેની જગ્યા-એફ	પીલર નં. ૧૨૯ થી ૧૩૫ (ગેંડા સર્કલ)	૧૧૩૪	૪,૩૯,૯૨૦/-	૨,૨૦,૦૦૦/-
૧૩	ટી.પી. ૧૬(સૌયદ વાસણા) એફ.પી. ૧૪૨	વાસણા ભાયલી ફ્લાયર સ્ટેશનની સામે	૫૭૧	૫૭,૦૦૦/-	૨૮,૫૦૦/-
૧૪	બ્રીજ નીચેની જગ્યા	શ્રી સ્વામિનારાયણ સેતુ ઓવર બ્રીજ નીચે, અક્ષર ચોક	૯૫૦	૧,૭૧,૦૦૦/-	૮૫,૫૦૦/-
૧૫	ટી.પી. ૦૩(બાપોદ દંતેશ્વર) એફ.પી. ૨૪૮ પાર્ટ	ઉમા ચોકડી પાસે, પાણીની ટાંકી રોડ	૫૦૦	૯૦,૦૦૦/-	૪૫,૦૦૦/-
૧૬	ટી.પી. ૬૦(ગોત્રી) એફ.પી. ૧૬૯/૧	ક્રિસ્ટલ યજ્ઞપુરૂષની સામે, સહજાનંદ રેસીડેન્સી રોડ, ગોત્રી	૧૭૦૧	૩,૦૬,૦૦૦/-	૧,૫૩,૦૦૦/-
૧૭	બ્રીજ નીચેની જગ્યા	હોટલ બ્લુ લગુન સામે, ફતેહગંજ બ્રીજ નીચે	૪૭૩	૮૫,૦૦૦/-	૪૨,૫૦૦/-
૧૮	બ્રીજ નીચે	રમત ગમત સંકુલ પાસે, ફતેહગંજ બ્રીજ નીચે	૩૦૦	૫૪,૦૦૦/-	૨૭,૦૦૦/-
૧૯	ટી.પી. ૦૨(સુભાનપુરા) એફ.પી. ૬૩૫	સમતા ચાર રસ્તા પાસે	૨૪૩૪	૪,૩૮,૦૦૦/-	૨,૧૯,૦૦૦/-
૨૦	બ્રીજ નીચે	પંડિત દિન દયાળ ઉપાધ્યાય બ્રીજ નીચે કેન્ટોન લેબોરેટરી પ્રા. લી. સામે	૨૫૧.૪૦	૪૫,૦૦૦/-	૨૨,૫૦૦/-
૨૧	જંબુવા ચોકડી પાસે	જંબુવા ચોકડી પાસે	૨૦૦	૩૦,૦૦૦/-	૧૫,૦૦૦/-
૨૨	ફુટપાથની જગ્યા	દુમાડ ચોકડી પાસે	૯૫૫	૨,૧૦,૦૦૦/-	૧,૦૫,૦૦૦/-

નિયત નમુનાનું અરજીપત્રક જમીન મિલકત શાખા(કોમર્શીયલ) ખાતેથી કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી મળશે. અરજીપત્રક તથા શરતો ઉપરોક્ત વેબસાઈટ પરથી જાહેરાત પ્રસિધ્ધ થયાના બે દિવસ બાદ જોઇ શકાશે તથા ડાઉનલોડ કરી શકાશે. ભરેલા અરજી પત્રકો ડીપોઝીટ સાથે જરૂરી પુરાવા સહીત તા: / /૨૦૨૬ સુધી ઓફીસ સમય દરમ્યાન "જમીન મિલકત અમલદારશ્રી, રૂમ નં ૨૦૩, જમીન મિલકત શાખા(કોમર્શીયલ), વડોદરા મહાનગરપાલીકા, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા" ને મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

પી.આર.ઓ. નં. ૨૫૪ /૨૬-૨૭. આસી. મ્યુનિ. કમિશ્નર(L&E)

૪૧ શંકાસ્પદ વાહનો ડિટેઇન, ૧૪ ડ્રિંક એન્ડ ડ્રાઇવ કેસ નોંધાયા

તહેવારો પહેલાં વડોદરા પોલીસનું મેગા કોમ્બિંગઓપરેશન,૧,૪૯૪વાહનોનુંચેકિંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

આગામી તહેવારોને ધ્યાને રાખીને વડોદરા શહેરમાં કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે અને લૂંટ, ચોરી સહિતની અસામાજિક પ્રવૃત્તિઓને અટકાવી શકાય તે હેતુથી વડોદરા પોલીસે મેગા કોમ્બિંગ અને વિહિકલ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરી હતી. શહેરભરમાં 1,494 વાહનોનું ચેકિંગ કરીને 41 શંકાસ્પદ અને નંબર પ્લેટ વગરના વાહનો ડિટેઈન કરાયા હતા. જ્યારે ડ્રિંક એન્ડ ડ્રાઈવ સહિત વિવિધ ટ્રાફિક નિયમોના ભંગ બદલ કાર્યવાહી કરીને રૂ.17 હજારનો દંડ પણ વસૂલવામાં આવ્યો હતો.

વડોદરા પોલીસ કમિશનર નરસિમ્હા કોમરની સૂચના મુજબ 3 ઓગસ્ટની રાત્રે 8થી 11 વાગ્યા દરમિયાન શહેરના તમામ ચેકપોસ્ટ તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારોના સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ કોમ્બિંગ વિહિકલ ચેકિંગ ડ્રાઈવ યોજાઈ